# Rights and Duties of Students

2021-22

## બાંહેધરી પત્રક

હું ........................................................................ આથી સોગંદપૂર્વક જાહેર કરું છું કે, પ્રવેશ માટેની આ અરજીમાં રજૂ કરેલ તમામ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી અને પૂરતી છે. હું એ પણ કબુલ કરું છું કે મેં રજૂ કરેલ વિગતો કોલેજમાં પ્રવેશ માટેના માપદંડ મુજબ અધુરી કે ખોટી જણાશે તો મારો પ્રવેશ રદ કરવાને પાત્ર ગણાશે.

જો મને આપની કોલેજમાં પ્રવેશ આપવામાં આવશે તો હું........................................................................

૧) કોલેજ કેમ્પસ કે વર્ગખંડમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરીશ નહિ.

૨) કોલેજ દ્વારા અપાતું ઓળખપત્ર કોલેજ સમય દરમ્યાન હંમેશા ગળામાં પહેરીને જ રાખીશ.

૩) વર્ગખંડ / પ્રયોગશાળામાં નિયમિત હાજર રહી યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ હાજરી પૂર્ણ કરીશ.

૪) નોટીસબોર્ડ પર મુકાતી સૂચનાઓ નિયમિત વાંચીશ. શિક્ષણકાર્ય ચાલુ હોય ત્યારે લોબીમાં આંટા મારીશ નહિ, ગ્રંથાલય–વાંચનાલયનો મહતમ ઉપયોગ કરીશ. સાયકલ કે સ્કુટર સંસ્થાએ નિયત કરેલ જગ્યાએ જ પાર્કીગ કરીશ.

૫) અધ્યાપક સાહેબો, કર્મચારીઓ તેમજ સાથી વિધાર્થીઓ સાથેનું વર્તન શિસ્તબધ્ધ રાખીશ.

૬) કોલેજમાં યોજાતી વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈશ. બીજા વિધાર્થીઓને પણ પ્રવૃત્તિમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરીશ.

૭) સંસ્થાની મિલકતની જાળવણી – જતન કરીશ તથા કેમ્પસને સ્વચ્છ અને સુંદર રાખવાના તમામ પ્રયત્નો કરીશ.

૮) કોલેજમાં અભ્યાસ કરતા ન હોય તેવા મિત્રોને કોલેજમાં સાથે લાવીશ નહિં. તેમજ મળવા માટે કોલેજમાં બોલાવીશ નહિ.

૯) પાન–મસાલા, ગુટકા કે અન્ય વ્યસનથી દૂર રહીશ.

૧૦) સંસ્થાના પ્રવર્તમાન તેમજ સમયાંતરે ઘડાતા નીતિ–નિયમોનું પાલન કરીશ તેમજ મારા કુંટુંબ, ગામ, કોલેજનું ગૌરવ વધારીશ.

૧૧) કોઈપણ કારણસર કોલેજમાં ગેરહાજર રહેવાનું થાય તો અવશ્ય અગાઉથી લેખિત જાણ કરીશ.

૧૨) મારી વર્ગખંડમાં ૭ દિવસથી વધુ સતત ગેરહાજરી રહેશે તો મારો પ્રવેશ રદ કરવાની હું સંમતિ આપું છું.

૧૩) કોલેજમાં નિયમિત અભ્યાસ ઉપરાંત મેનેજમેન્ટ, ગુજરાત નોલેજ સોસાયટી, સ્કોપ, સ્પોકન ઈંગ્લીશ, ઈગ્નુ, આંબેડકર યુનિ. ના કોર્સીસ પૈકી સંસ્થા જે નકકી કરે તે અંગેના કોર્ષમાં ફી ભરી જોડાઈશ. યોગ તેમજ જીમ્નેશિયમ પ્રવૃત્તિમાં હાજર રહીશ.

૧૪) કોલેજમાં પ્રવેશ મેળવવા તથા પ્રવૃત્તિમાં રહેવા માટે મેં કોઈ લાંચ રુશવત કે લાગવગ કરી નથી અને પ્રવેશ મેળવેલ છે.

૧૫) દ્વિચક્રી વાહન લઈને આવીશ તો ડ્રાઈવીંગ લાઈસન્સ અને હેલ્મેટ પહેરીને જ કોલેજ કેમ્પસમાં પ્રવેશ કરીશ. ફોર વ્હીલર વાહન લઈને કેમ્પસમાં પ્રવેશ કરીશ નહી.

આપેલી ઉપરોકત ખાત્રીઓનું પાલન કરવા હું નિષ્ફળ રહું તો સંસ્થાના આચાર્યશ્રી મારો કોલેજ પ્રવેશ ગમે ત્યારે રદ કરે, યુનિવર્સિટી પરીક્ષા ફોર્મ ભરાતું અટકાવે – પાછું ખેંચે તેમજ મેં કરેલી ભૂલ કે ગુના બદલ મારી સામે જે કંઈ શિક્ષાત્મક પગલાં ભરાય તે બાબતે મારી અને મારા અને મારા વાલીની પૂરી સંમતિ રહેશે. પ્રોસ્પેકટસમાં સંસ્થાના નિયમો મેં વાંચ્યા છે જેનું પણ સંપૂર્ણ પાલન કરવાની આથી હું ખાત્રી આપું છું.

વિશેષમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, સરકારશ્રી અને આપની કોલેજના પ્રવર્તમાન અને ભવિષ્યમાં અમલી બનનાર ધારાધોરણો અને શિસ્તના નિયમોનું હું ચુસ્તપણે પાલન કરવા બાંહેધરી આપું છું. કોલેજના સમય દરમ્યાન હું કોઈ નોકરી કરીશ નહિ. કોલેજમાં વખતોવખત નકકી થતા નિયમોનું હું સંપૂર્ણ રીતે પાલન કરવા તથા શિસ્તભર્યુ વર્તન રાખવા બંધાઉં છું અને કોલેજના સંચાલન તેમજ શિસ્તમાં દખલરૂપ બને એવી કોઈ પણ પ્રવૃત્તિ કોલેજમાં કે કોલેજ બહાર કરીશ નહિ તેની ખાત્રી આપું છું. યુનિવર્સિટીના નિયમ મુજબ વર્ગમાં દરેક તાસની હાજરીના નિયમનું હું સંપૂર્ણ પાલન કરીશ. તેની હું બાંહેધરી આપું છું.

તારીખ :................................ વિધાર્થીની સહી : ........................................................................

સ્થળ :................................ ફોન / મો.નંબર (ફરજીયાત) : ........................................................

ઈ–મેઈલ (ફરજીયાત) : ........................................................

મારા પુત્ર/પુત્રી/પાલ્યને પ્રવેશ આપવા માટે આથી હું સંમતિ આપું છું અને પ્રવેશ મળ્યેથી કોલેજના નિયમો તથા શિસ્તનું પાલન કરશે તેની ખાત્રી આપું છું.

પિતા/વાલીની સહી : ........................................................

આચાર્ય
આર. આર. મહેતા કૉલેજ ઑફ સાયન્સ અને
સી. એલ. પરીખ કૉલેજ ઑફ કૉમર્સ,

ફોન / મો.નંબર : ........................................................